**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૬ ટકા

# સિવિલના આઠમા મજલેથી દર્દીનો આપઘાતનો પ્રયાસ

## ચેતક કમાન્ડો રાકેશ જાદવે બારીમાંથી હાથ નાંખીને દર્દીને અંદર ખેંચી લીધો









ચેતક કમાન્ડો રાકેશ જાદવ

ગાંધીનગર, તા.૧૦

સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની ઈમારતમાં આઠમાં માળે ઈન્ડોર દર્દીએ આજે બપોરના સુમારે આપઘાતનો પ્રયત્ન કર્યો હતો. આલમપુર ગામનો ૨૭ વર્ષિય નારણજી રમેશજી સોલંકી ટોઈલેટની બારીમાંથી છજા પર ચડી ગયો હતો. જો કે ત્યારબાદ દર્દી ત્યાં જ બેસી રહ્યો હતો. ગણતરીની મીનીટોમાં સિવિલ કેમ્પસમાં આ બનાવની જાણ થતા નાગરીકોના ટોળેટોળા જોવા માટે ઉમટી પડ્યા હતા. બનાવની જાણ પોલીસ અને ફાયરને થતા તાત્કાલીક ટીમ આવી પહોંચી હતી. જો કે ફાયર ટીમ બચાવકાર્ય હાથ ધરે તે પહેલા જ આઠમા માળે દર્દીની ખબર કાઢવા માટે આવેલા ચેતક કમાન્ડો રાકેશ જાદવે પોતાના જીવના ઝોખમે દર્દીને બચાવી લીધો હતો. ત્યારે સિવિલ કેમ્પસમાં એક કલાક સુધી હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આઠ માળની નવી બિલ્ડીંગ આત્મહત્યા કરવા માટેનું સ્થળ હોય તેમ બિમારીથી કંટાળી ગયેલા દર્દીઓ અહીંથી પડતું મુકી આત્મહત્યા કરી લે છે. ત્યારે આજે બપોરના સુમારે આઠમા માળના છજા પર પહોંચી ગયો હતો. ત્યારે બનાવની જાણ સિવિલ સિક્યુરીટ, કર્મચારીઓ, સ્ટાફ સહિતને થતા નાગરીકોના ટોળા સિવિલ કેમ્પસમાં ઉમટી પડ્યા હતા. ત્યારે દર્દીને બચાવવા માટે પોલીસ અને ફાયરને કોલ કરતા તાત્કાલીક ટીમ સાથે ચીફ ઓફિસર મહેશ મોડ દોડી આવ્યા હતા. સગાસંબંધીઓ દ્વારા સમજાવવામાં આવવા છતા આ દર્દી ત્યાંથી પરત ફરવા માટે તૈયાર ન હતો. તો બીજી તરફ છજાની જગ્યા ખુબ સાંકળી અને નાની હોવાથી સામાન્ય ચુક થાય તો દર્દી નીચે પટકાય તેવી સ્થિતિ હતી. જેથી તેને નીચે ઉતારવા માટે ફાયરની ટીમ બચાવકાર્ય હાથ ધરે તે પહેલા સિવિલના આઠમા માળે દર્દીની ખબર નીકાળવા માટે આવેલા ચેતન કમાન્ડો યુનિટ વનના હેડ કોન્સ્ટેબલ રાકેશ જાદવને આ વાતની જાણ થઈ હતી. તેમણે તાત્કાલીક ટોયલેટની બારીમાંથી આ દર્દીને પકડ્યો હતો અને જીવના જોખમે અંદર લાવ્યા હતા. ત્યારે બચાવ કામગીરીને પગલે ચેતક કમાન્ડો રાકેશ જાદવના હાથે ઈજા પણ પહોંચી હતી. જો કે દર્દીની બચાવ કામગીરી હાથ ધર્યા બાદ તાત્કાલીક વિભાગમાં સારવાર માટે લઈ જવાયો હતો. જો કે એક કલાક ચાલેલા હોઈ વોલ્ટેજ ડ્રામાને પગલે સિવિલ કેમ્પસમાં દોડધામ મચી જવા પામી હતી. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ દર્દી છેલ્લા પાંચ દિવસથી આઠમા માળે ઝાડા-ઉલ્ટીની બિમારીને પગલે એડમીટ છે. તેની ફાઈલમાં તપાસકર્તા ડોકટરે તેની ફાઈલમાં સાઈક્યાટ્રીક રેફરન્સ પણ લખ્યો છે. જો કે દર્દી ટોઈલેટની બારીમાંથી આપઘાત કરવા માટે નીકળ્યો હતો કે બીજા કોઈ કારણોસર તે જાણી શકાયું નથી. ઘટનાથી ગભરાઈ ગયેલ દર્દી હાલ બોલી શકવાની સ્થિતિમાં ન હતો. જયારે મુળ દર્દી નારણજી રમેશજી સોલંકી રીક્ષા ચલાવીને પોતાના પરિવારનુ ભરણપોષણ કરે છે. તેમના પરિવારમાં પત્ની, ૧૮ વર્ષની દિકરી અને ૧૩ અને ૧૭ વર્ષના બે દિકરા છે.



ભારત સરકારની મહિલા અને બાળ વિકાસ વિભાગ, બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લામાં દિકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા, ગર્ભ પરિક્ષણ અટકાવવા, દિકરીની સુરક્ષા અને સલામતી વધારવા, દિકરીઓનું શિક્ષણનું પ્રમાણ વધારવા અને આ તમામ હેતુઓ સુનિશ્ચિચત કરવા અર્થે બેટી બચાવો, બેટી પઢાવો, યોજના અંતર્ગત સિવિલ હોસ્પિટલ , ગાંધીનગર ખાતે વિશેષ પ્રોગામનું આયોજન કરાયું હતું. જેને પગલે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં નવજાત જન્મેલ ૫ બાળકીઓને કલેકટર કુલદિપ આર્યાના હસ્તે દિકરી વધામણા કીટ આપી દિકરી જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.




ગાંધીનગરના સે-૧૫ ખાતેની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કેમ્પસ ખાતે બેંક ઓફ બરોડા દ્વારા 'સ્પોર્ટસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અમદાવાદ ઝોનના ડેપ્યુટી જનરલ મેનેજર મોતીલાલ મીના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર ક્ષેત્રના રિજીયોનલ મેનેજર મનીષ પાલન અને ડેપ્યુટી રિજીયોનલ મેનેજર બળદેવભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા. આ ઉજવણીમાં બેંક ઓફ બરોડના સ્ટાફ તથા તેમના પરિવારજનો માટે વિવિધ પ્રકારની ભાતીગળ રમતો તથા ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું.

# સેંકડો યાયાવાર પક્ષીઓથી ગાંધીનગરનું આંગણું પુલકિત...!!







ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ફરી એકવાર વિદેશી યાયાવર પક્ષીઓ માટે યજમાન બન્યું છે. અને સેંકડોની સંખ્યામાં યાયાવર પક્ષીઓનું આગમન ગાંધીનગર તથા આસપાસના વિસ્તારમાં અત્યારે થયેલું જોવા મળી રહ્યું છે. વિવિધ પ્રકારના નાનાથી મધ્યમ કદના પક્ષીઓનું આગમન થતાં જ શહેરના પક્ષી પ્રેમીઓ-અભ્યાસુઓ, પ્રકૃતિ પ્રેમીઓ વગેરેમાં આનંદનું મોજું જોવા મળી રહ્યું છે તો બીજી તરફ ગાંધીનગર બહારના પક્ષી પ્રેમીઓ તથા બર્ડ ફોટોગ્રાફીના શોખીનો પણ શહેરમાં ધામા નાંખી રહ્યા છે.

શિયાળાની શરૂઆત સાથે ગાંધીનગરની સાબરમતી નદીના પટમાં અત્યારે વિદેશી યાયાવર પક્ષીઓ જેવા કે ફલેમિંગો, ગોલ્ડન ડક, ડેમોસીલ પેન, પેઈન્ટેડ સ્ટોર્ક, બ્રાહ્મી ડક વગેરે સહિતની પ્રજાતિઓના ઝુંડ જોવા મળી રહ્યા છે. માત્ર સાબરમતી નદીના પટમાં જ નહી પરંતુ જિલ્લાના થોળ તળાવ

**પ્રકૃતિ પ્રેમીઓ અને બર્ડ ફોટોગ્રાફીના શોખીનો આનંદથી રોમાંચિત**

ખાતે પણ અત્યારે આ વિદેશ પક્ષીઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત શહેર નજીક ઉવારસદ જેવા વિસ્તારોમાં પણ આ પક્ષીઓની હાજરીની નોંધ લેવાઈ રહી છે. ગાંધીનગરના યુવા પક્ષી પ્રેમી તથા અભ્યાસુ અમિત ગોંડના જણાવ્યા અનુસાર સાબરમતીના પટમાં સારસ કુળનો કરકરો જેને અંગ્રેજીમાં ડેમોસીલ પેન તરીકે ઓળખવામાં આવે છે તે મોટી

**કેવા પ્રકારના પક્ષીઓ આવ્યા છે?**
● ફલેમિંગો ● ગોલ્ડન ડક ● ડેમોસીલ ક્રેન
● બ્રાહ્મી ડક ● પેઈન્ટેડ સ્ટોર્ક ● દિવાળી ઘોડો
● પેરાકત ફાલ્કન

સંખ્યામાં જોવા મળી રહ્યા છે આ પક્ષીની હાજરી થોળ ખાતે પણ નોંધપાત્ર સંખ્યામાં છે. બર્ડ ફોટોગ્રાફર ડૉ. રિષીના જણાવ્યા અનુસાર ક્રેન ઉપરાંત ફલેમિંગો, ગોલ્ડન ડક, બ્રાહ્મી ડક, પેઈન્ટેડ સ્ટોર્ક જેવા વિદેશી પક્ષીઓએ પણ ગાંધીનગર તથા આસપાસમાં ધામા નાંખ્યા છે. આ યાયાવર પક્ષીઓ છીછરું પાણી પસંદ કરે છે તેઓ દિવસ દરમિયાન ચણ ચણવા નજીકના ખેતરોમાં જતા રહે છે અને સાંજ પડતા જ મૂળ સ્થાને પરત આવી જાય છે. આ પક્ષીઓ અત્યંત ઠંડા પ્રદેશોમાંથી સ્થળાંતર કરીને આવ્યા છે અને ગાંધીનગર હવે તેમની પસંદગીનું સ્થળ બની રહ્યું છે તે પ્રકૃતિ પ્રેમીઓ માટે આનંદનો વિષય છે.

# શહેરમાં ગુણકારી આમળાનું ધૂમ વેચાણ

## વિટામીન-સીથી ભરપુર આથેલા આમળા બાળકોમાં હોટ ફેવરીટ





ગાંધીનગર, તા.૧૦

શહેરના માર્કેટમાં શિયાળુ ફળ આમળા પુષ્કળ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. ગુણોથી સભર આમળાનું વેચાણ શહેરમાં ઠેર ઠેર થઈ રહ્યું છે. શહેરમાં આમળા ૬૦ રૂપિયે કિલોએ વેચાઈ રહ્યા છે. આમળાને અલગ અલગ રીતે ઢાળીને લાંબા સમય સુધી સાચવીને પણ આરોગી શકાય છે.

શિયાળાની શરૂઆત થતા જ શહેરના બજારમાં આમળાનું વેચાણ થઈ રહ્યું છે. અમૃત ફળ આમળા આરોગ્યની દ્રષ્ટિએ ખુબ જ ગુણકારી હોવાની સાથે વિટામીન-સીથી ભરપુર હોય છે. વૈજ્ઞાનિકોના મતે એસ્ત્રકોબીક એસિડ કરતા વધુ એન્ટી ઓકિસડન્ટ ગુણો આમળામાં રહેલા છે.

આમળાને આયુર્વેદમાં અમૃત ફળ કહેવાયું છે. કારણ કે તે શરીરના ત્રણેય દોષોને સમાન રાખે છે. આમળાને ઈન્ડિયન ગુઝબેરી અને વૈજ્ઞાનિક ભાષામાં એમ્બ્લીકા ઓફીસીનાલીસ કહેવાય છે.

આમળા વિટામીન સીથી ભરપુર છે જેના સેવનથી માનવશરીરમાં ઈમ્યુનિટી વધે છે. મેટાબોલીઝમાં સુધારો આવે છે. આમળાનું સેવન વાઈરલ/બેકટેરિયલ ઈન્ફેકશન તથા કેન્સર સેલ્સ સામે લડી રક્ષણ આપે છે. દરરોજ આમળાનું સેવન કરવાથી સ્કીન હેલ્ધી અને ગ્લોઈંગ થાય છે. સાથે સાથે આઈ સાઈટમાં પણ સુધારો આવે છે. આ સાથે આમળાનું સેવન કરવાથી બ્લડશુગરને કંટ્રોલમાં રાખી શકાય છે. શહેરના ડૉકટરોના કહ્યા મુજબ દરરોજ વ્યકિત એક આમળાનું સેવન કરી શકે.

આમળા શહેરમાં ૬૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. જેનો ઉપયોગ ગૃહિણીઓ દ્વારા અલગ અલગ રીતે થાય છે. આમળામાંથી ચ્યવનપ્રાશ અને મુરબ્બો બનાવી વર્ષ સુધી સેવન કરી શકાય છે. આ સાથે આથેલા આમળા બાળકોમાં હોટ ફેરવટી છે. આ ઉપરાંત આયુર્વેદિક દવાઓ, હર્બલ પ્રેકટિસ, શેમ્પુ તથા માથાના તેલ બનાવવા માટે આમળાનો ઉપયોગ થાય છે. આમળાને સુકવી તેને ગળપણવાળા તથા ખારા કરીને બનાવી તેનો મુખવાસમાં ઉપયોગ થાય છે. એન્ટિ ઓકિસડન્ટનું કામ કરતા આમળા માનવ શરીરને ઘણા રોગથી મુકત કરે છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૩૦, ૮.૧૦, ૯.૩૦, ૧૧.૦૦
**પાનીપત**
૯.૩૦, ૧૧.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૩૦, ૧૦.૦૫
**કમાન્ડો ૩**
૭.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૫, ૧૧.૩૦, ૨.૨૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૧૫, ૮.૦૦, ૧૦.૫૦
**પાનીપત**
૯.૦૦, ૧૦.૧૫, ૧.૦૦, ૧.૫૦, ૩.૧૫, ૫.૨૫, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૧૫
**કમાન્ડો-૩**
૧૦.૧૦, ૧.૩૫, ૧૦.૦૦
**હોટલ મુંબઈ**
૧૨.૩૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૭.૩૫
**૨૪ કેરેટ પિત્તળ (ગુજરાતી)**
૪.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**પતિ પત્નિ ઔર વો**
૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૧૫, ૩.૪૫, ૫.૦૦, ૬.૩૦, ૭.૪૫, ૯.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૯.૧૦, ૧૦.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૫, ૬.૫૦
**કમાન્ડો-૩**
૧.૧૫, ૯.૩૦
**હોટલ મુંબઈ**
૪.૦૫

**સિટી પલ્સ, કુડાસણ**

**પતિ પત્નિ ઓર વો**
૧૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**પાનિપત**
૨.૧૫, ૫.૪૫, ૯.૩૦, ૧.૦૦, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**ચાલ જીવી લઈએ - ૧૧.૩૦**
**કમાન્ડો-૩**
૪.૪૫, ૧૦.૦૦

## આજે ગાંધીનગરમાં

● દત્તમંદિર સે-૨૮ ખાતે સાંજના ૪ થી રાત્રે ૮ વાગ્યા સુધી દત્ત જયંતિ મહોત્સવની ઉજવણી

## ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે ઉદ્‌ગમ સુરોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી ઉદગમ સુરોત્સલ યોજાશે. તા. ૧૫ ડિસેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે સે-૧૯ સ્થિત જીમખાનામાં યોજાતા આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પ્રખ્યાત પંડિત સિધ્ધાર્થ બેનરજી દ્વારા વિણાવાદન તથા નોર્વેના પ્રખ્યાત ગિટારીસ્ટ દ્વારા ગિટારવાદન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નિઃશુલ્ક પ્રવેશ મેળવવા www.udgam.org પર રજીસ્ટ્રેશન કરાવવા તથા ઉપસ્થિત રહેવા સંસ્થાના ડૉ. મયુર જોષી દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. બબીબેન વેલજીભાઈ દરજી, ઉ.વ. ૭૪
● સ્વ. પટેલ ગાંડાભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૭૬